www.newzviewz.com • ઈમેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨ • તારીખ : ૬ થી ૧૨ મે, ૨૦૧૭

# પમરાટ

તંત્રી : ડૉ. ધીમંત પુરોહિત • સંપાદક : ડૉ. અશોક ચાવડા



Publisher : www.newzviewz.com
Communicators,509,Shivalik High Street,Near Mansi Circle,
Vastrapur,Ahmedabad : 380015

www.newzviewz.com

# પમરાટ

ઈમેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨ • તારીખ : ૬ થી ૧૨ મે, ૨૦૧૭

## સાંકળિયું

• સંપાદકીય

'સાચા-ખોટા' અને 'નાના-મોટા'ની રામાયણ

• કવિતા

૧. ચિતા (ગદ્યકવિતા) - પ્રવીણ પંડ્યા

૨. ઓગળી જઈશ (ગઝલ) - અનિલ ચાવડા

૩. વાત કદી ન જાણી (ગીત) - ગિરીશ પરમાર

૪. છે તો છે (અનુવાદ) - દીપ્તિ મિશ્ર / અશોક ચાવડા

૫. વડ (બાળકવિતા) - કિરીટ ગોસ્વામી

૬. કાવ્યવારસો (સંકલન)

• વાર્તા

નોમિનેશન - ડૉ. કેતન કારિયા

• અવલોકન

'રેખાચિત્ર'નું રેખાચિત્ર - ડૉ. અશોક ચાવડા

• "પમરાટ" માં આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :

dhimataajtak@gmail.com

a.chavda@yahoo.co.in

• "પમરાટ" માં અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle,
Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

ટાઈપસેટ • મૈત્રી પ્રિન્ટપૅક

## સંપાદકીય

### 'સાચા-ખોટા' અને 'નાના-મોટા'ની રામાયણ

સાહિત્ય અને રાજકારણને સદાય સાથે રહેવાનું બન્યું જ છે એની ના નહીં, પરંતુ પહેલા સાહિત્ય આગળ રહેતું અને રાજકારણ પાછળ રહેતું. સાંપ્રત સમયમાં સાહિત્યને ઓવરટેક કરીને રાજકારણ આગળ ચાલવા લાગ્યું છે, પરિણામે સાહિત્યમાં 'સર્જન'ને બદલે 'સર્જક' જ વધારે પ્રતિબિંબિત થાય છે. ગત દિવસોમાં બનેલી બે-ત્રણ ઘટનાઓ પર વિચાર કરીએ તો એક સર્જક તરીકે તો ઠીક, ભાવક તરીકે પણ દુઃખ ન થાય તો જ નવાઈ.

'પર્વ' કોને ન ગમે? 'પર્વ'માં ઉત્સાહ હોય અને ઉત્સાહમાં નાચ પણ હોય જ. ધ્યાન એ રાખવાનું રહે કે ઉત્સાહના અતિરેકમાં નગ્ન-નાચ ન કરાય. એક સર્જકને ઊંચો બતાવવા માટે એનાં સાહિત્યિક પ્રદાનને મૂલવવાની દૃષ્ટિ હોવી ઘટે, નહીં કે તેની સાથેના વિશિષ્ટ પ્રસંગોની પારાયણ કરીને સાથી સર્જકને નીચો ચીતરવાની કુચેષ્ટા. આમ કરવાથી બંને સર્જકનું અપમાન થાય છે. વળી, જ્યારે જેની તુલના કરવામાં આવતી હોય તે સદેહે હાજર ન હોય ત્યારે તો આવી ચેષ્ટા 'ચાની કીટલી' પર પણ ન કરવી જોઈએ, કારણ કે બેમાંથી એકે એ વાતમાં 'ટાપસી પુરાવવા' આવવાના નથી. સાહિત્યિક કે બિનસાહિત્યિક બળતરા વ્યક્ત કરવાના આ સિવાયના અનેક રસ્તા હોય છે, પણ એ રસ્તે જવું જ છે કોને?

'જેવું જીવાય તેવું જ લખાય' અથવા 'જેવું લખાય તેવું જ જીવાય' એ અપેક્ષા સર્જક પાસેથી જરા વધારે પડતી છે. સર્જકની શોકસભામાં તેનાં સાહિત્યિક પ્રદાનના લેખાજોખાં શોભે, પણ તેના જીવનના લેખાજોખાં જોખવાનો અધિકાર તો તેના સાચા પરિવાર પાસે જ હોવાનો. મૃત સર્જકના રંગીન પ્રસંગોને જાહેરમાં યાદ કરવાથી શોકસભામાં શોકની ગેરહાજરી વર્તાય છે.

પ્રત્યેક સમયકાળને પોતાનો ગમતો સર્જક હોય છે. કોઈનાં સર્જનને આંબી ન શકાય તો કંઈ નહીં, તેનાં સર્જનને માણી શકાય તોય ભયો ભયો. આવો ગમતાનો ગુલાલ કરવાને બદલે વિકૃત વાક્બાણ જે તે સર્જક નહીં, પણ ભાવકમનને ય ઘાયલ કરે છે. વધુમાં, વક્તાની સાચી માનસિકતા  પણ છતી કરે છે. ભાવકો સર્જકગરિમાને લીધે કદાચ તત્ક્ષણ મૌન રહે, પણ સમયાંતરે આ મૌન જ અવશ્ય પડઘાતું જોવા મળે છે. આપણે ત્યાં મોટા ભાગે 'અભ્યાસ', 'વ્યંગ', 'માન-અકરામ' ઇત્યાદિનું સ્તર વ્યક્તિગત સંબંધો અને અંગત ઘટનાઓ પર સવિશેષ નિર્ભર હોય છે એટલે તે 'હાસ્યાસ્પદ' બની જાય છે.

કોઈ સર્જક 'સાચો' કે 'ખોટો' પણ શું કામ હોય. એ નાનો કે મોટો પણ શું કામ હોય. વાસ્તવમાં એનું સર્જન સાચું કે ખોટું  અને નાનું કે મોટું હોઈ શકે. વળી, કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના એનો નિર્ણય કાળ નક્કી કરે જ છે. આમ, 'પ્રસિદ્ધિ'ના નહીં પણ 'સ્વરૂપસિદ્ધિ'ના માર્ગ પર કલમ ચાલતી રહે તો 'સાચા-ખોટા' અને 'નાના-મોટા'ની રામાયણ થોડી ઓછી થશે.

**- ડૉ. અશોક ચાવડા**

# કવિતા

## ચિતા ● પ્રવીણ પંડ્યા

તીવ્ર હવામાં લહેરાતા
ખીલેલા કેસૂડા જેવી
બળી રહી છે તડકામાં ચિતા.
બપોર
ટોળે વળીને ઊભી છે એની આસપાસ
સફેદ કપડાંવાળાં સગાં-સંબંધીઓની સાથે.
પાસે વહેતી નદી
સ્વજનોની સજળ આંખોમાં
ક્યારનીયે ડોકાયા કરે છે,
મૃતકની અધૂરી ઇચ્છાઓ
ભૂખરું આકાશ બનીને
ફેલાઈ ગઈ છે ચારે તરફ,
ચિતામાં રહેલા દેહનો ફૉસ્ફરસ
ફરરર ફરરર અવાજ સાથે
વારંવાર છોડે છે બ્લ્યૂ રંગનો પ્રકાશ
જાણે
મૃતાત્માનું બાકી રહેલું હાસ્ય,
અને
ભીનાં લાકડાંનો
આ કડવો ધુમાડો
બીજું કોઈ નથી
છે માત્ર કોઈનેય ન કહેવાયેલી ગમગીન વાતો.
ચિતામાં
જે નથી
તે બળે છે
અને
જે હતો
એના માટે
ક્યાંક ફરીથી ગોઠવાઈ રહી છે
દેહના ઢાંચાની જેમ ચિતા.

## ઓગળી જઈશ ● અનિલ ચાવડા

આમ તડકાઓને પીશ તો ઓગળી જઈશ;
હે બરફ! ગુસ્સો કરીશ તો ઓગળી જઈશ.

હું સ્મરણનાં પાત્રમાં છું જો ખાંડ જેમ,
જળ બની તું ત્યાં રહીશ તો ઓગળી જઈશ.

જો હું પથ્થર છું તો તું નદી છે, તું એ ન ભૂલ,
દરવખત મળતો રહીશ તો ઓગળી જઈશ.

એટલે તારા વિશે મેં બહુ કાઠું મન કર્યું,
હું જરા પણ ઓગળીશ તો ઓગળી જઈશ.

એક થીજેલું નયનનું આંસુ મને કહે,
'જો ગઝલરૂપે લખીશ તો તો ઓગળી જઈશ'.

## વાત કદી ના જાણી ● ગિરીશ પરમાર

વાત કદી ના જાણી
કયારે દોડે, કયારે અટકે શ્વાસોની સરવાણી
આગળ-પાછળ અડફેટોથી
મન તો ઠેબા ખાય
તન બિચારું કેટકેટલું
ગંગાજીમાં ન્હાય
ન્હાય છતાંયે કોરે કોરા અવઢવના બંધાણી
વાત કદી ના જાણી
રંગરંગીલી દુનિયાના છે,
કેટકેટલા ઢંગ
એક રાજવી ભોજ મળે
ને બીજો તૈલી ગંગ
સુખદુ:ખની આ સંતાકૂકડી કદીયે ક્યાં સમજાણી
વાત કદી ના જાણી

## છે તો છે • દીપ્તિ મિશ્ર (ઉર્દૂ કવિતા)
### ગુજરાતી અનુવાદ : અશોક ચાવડા

એ નથી મારો છતાં તેની જ ચાહત છે તો છે;
આ રીતિરિવાજ સામે જો બગાવત છે તો છે.

સત્યને હું સત્ય માનું, માન્યું તો માન્યું જ છે,
એય દુનિયાની નજરમાં જો અલગ મત છે તો છે.

ક્યાં કહ્યું  છે કે મને મળતે એ, એને હું મળત,
પારકો થૈ જાય ના બસ એ જ મન્નત છે તો છે.

જો પતંગિયા બળ્યાં તો ભૂલ દીવાની નથી,
રાતભર બળતાં રહેવું એની કિસ્મત છે તો છે.

દોસ્ત થઈને દુશ્મનો માફક સતાવે છે મને,
પણ એ જાલિમને જ ચાહું મારી આદત છે તો છે.

પાસ ન્હોતાં દૂર છે કાયમ આ ધરતી આભ પણ,
આટલું અંતર છતાં પણ બેઉને લત છે તો છે.

## વડ • કિરીટ ગોસ્વામી

સહુના દાદા વડ
વડવાઈનો ઝૂલો આપી હસ્યા કરે ખડખડ

લીલોછમ પ્હેરાવ્યો એને કોણે આવો કોટ
રોજ કાગડો, કાબરને પૂછે છે એવું ભોટ
મીઠી છાંયડો વ્હેંચે સૌને, ક્યાં એને કંઈ ખોટ?
ખિસકોલી તો થવા ચાગલી મૂકે હરઘડી દોટ
વ્હાલું લાગે કીડીબાઈને વડદાદાનું થડ
સહુના દાદા વડ

ડાળેડાળે જપતા હોલા હરિનામના જાપ
ના રખે કશીય ગણતરી ના કંઈ મનમાં પાપ
વરસાવે વરસાદ કે ઢોળે ગગન ધધખતો તાપ
કાયમ હસતાં બધું સહી લે વડદાદા ચૂપચાપ
કહે કાનમાં કદી - ખરેખર નમે એ જ છે ભડ
સહુના દાદા વડ

## કાવ્યવારસો

જિંદગીનો સાર જો પાણી મહીં,
એક પરપોટો હતો ફૂટી ગયો.
**- હરજી દામાણી 'શયદા'**

જિંદગીને વેદનાને ભૂલવા મથતો રહ્યો,
ભૂલવામાં યાદ તારી કેમ આવી જાય છે.
**- શેખાદમ આબુવાલા**

જિંદગી છોડી ગઈ આ વિશ્વમાં,
મોત મારું મંઝિલે લઈ જાય છે.
**- હસન નાથાણી 'નસીમ'**

જીવનની દૃષ્ટિ સંકોચાય છે જાહોજહાલીમાં,
નવું દર્શન મળે છે જિંદગીને પાયમાલીમાં
**- જયંતી દવે 'વિશ્વરથ'**

મારા જીવનનું શિલ્પ ઘડાયું નહીં 'અનિલ',
જીવન વિતાવ્યું કોઈની મૂર્તિ ઘડી ઘડી.
**- રતિલાલ 'અનિલ'**

જિંદગાનીને દુલ્હનની જેમ શણગારી 'ગની',
એને હાથોહાથ સોંપી જેમની ઘરની હતી.
**- ગની દહીંવાલા**

વાર્તા

## નોમિનેશન ● ડૉ. કેતન કારિયા

"મને લાગે છે કે હવે જ્યારે આપણે બૅન્કમાં જઈએ ત્યારે નોમિનેશન રજિસ્ટર કરાવી લેવું જોઈએ." પ્રજ્ઞાએ કહ્યું.

નયને મોજાં પહેરતા પહેરતા જ તેની સામે જોઈને કહ્યું,

" આપણે ક્યાં હાલને હાલ ઉપર જતાં રહેવાનાં છીએ, કરીશું શાંતિથી."

"એમ? તો તારા દરેક ખાતામાં હું કેમ નોમિનેટેડ છું? પ્રજ્ઞાએ તરત જ પ્રશ્ન કર્યો.

" એ તો ત્યારે જેડી અંકલે કહ્યું અને કરી કાઢેલું."

" હા, તો હવે હું કહું છું અને કરી કાઢીએ."

નયને શૂઝ પહેરીને બહાર નીકળતા કહ્યું,

"તારે કંઈ બાકી હોય તો લઈ લે. એકટીવામાં પંચર છે, આજે હું જ તને ડ્રોપ કરવા આવવાનો છું, ઈફ યુ રીમેમ્બર."

"અરે! એ તો હું ભૂલી જ ગઈ. જસ્ટ અ મિનિટ, હું બાને કહી દઉં કે દાળ બનાવેલી છે, માત્ર ગરમ જ કરવાની છે અને..." પર્સમાં નજર કરીને કહ્યું.

"મારે બીજી ચાવી લઈને જવાની છે, આજે બા બુટિક પર આવવાના નથી તો બધું મારે જ સંભાળવાનું છે."

ફટાફટ અંદરથી ચાવી લઈને સાસુને જાણ કરીને તે બહાર આવી. બંને સાથે, પણ પોતપોતાના કામ માટે નીકળી પડ્યા.

લગ્ન થયા પછી પ્રજ્ઞાએ છ મહિના સુધી માત્ર પરિવારને સમજવા માટે સમય આપ્યો. સૌની ટેવ-કુટેવ, આદત-આવડત; બધું જ. નયન કહેતો કે તેણે કામ શરૂ કરી દેવું જોઈએ, પણ તેનો નિર્ણય હતો કે ઓછામાં ઓછા છ મહિના કોઈ ઉતાવળ નહીં જ કરે.

નયન એકનો એક દીકરો હોવાથી પ્રજ્ઞા માટે પરિવાર એટલે સાસુ, સસરા, નયન અને તે પોતે. બોજ લાગે એવું અને એટલું તો કોઈ જ કામ નહીં. તેના સસરા ત્યારે બે વર્ષ પછી રિટાયર્ડ થવાના હતા. નયન અને તેના સસરા બંને જતા રહે પછી સાસુ અને વહુ સાથે બેસે. ક્યારેક ભવિષ્યની વાતો, તો ક્યારેક તેના સાસુ પોતે જ્યારે વહુ હતા ત્યારના ભૂતકાળની વાતો. ક્યારેક પ્રજ્ઞા અને નયનના બાળપણની વાતો તો ક્યારેક જૂના ફોટોગ્રાફ્સની દુનિયા... પ્રજ્ઞાને ક્યારેય લાગતું જ નહીં કે તે સાસરે આવી છે. તે પિયર જતી તો તેના મમ્મી-પપ્પાને કહેતી કે, "સાસરું આવું મળે તો પિયર કરતાં પણ સારું."

છ મહિના થઈ ગયા પછી નયન વારંવાર યાદ કરાવતો, પણ પ્રજ્ઞા ટાળતી રહેતી. આખરે 'સાસુ' નામનું શસ્ત્ર કામ આવ્યું. અલબત્ત, તેમણે બહુ જ વ્હાલપૂર્વક પ્રજ્ઞાને કામ કરવા માટે સમજાવી. પ્રજ્ઞાને તો જાણે કોઈ મનગમતી સખીથી દૂર થવાના દિવસો નજીક દેખાવા લાગ્યા.તેણે પોતાનું મનગમતું કામ નક્કી કર્યું, બુટીક શરૂ કર્યું.

એક કાંકરે બે પક્ષી! કામનું કામ અને સાસુનો સાથ. ગ્રાહક આવે તો અત્યંત પ્રોફેશનલ બની જતી પ્રજ્ઞા, તેના ગયા પછી વહુ બની જાય. અધૂરામાં પૂરું ટીવી પણ રાખેલું. બંને સાથે મળીને 'ડેઈલી સોપ' સીરીયલ્સની મજા માણે. નયનનો નિયમ હતો કે તે ઘરે આવ્યા પછી ઘરના કોઈ પણ સભ્યને મગજ બાજુ પર મૂકીને જોવા પડે તેવા કોઈ કાર્યક્રમ જોવા જ ન દે અથવા ટીવી જ બંધ રખાવે. એ બાકી રહેલા બધાં જ એપીસોડસ સાસુ વહુ સવારે કે સાંજે રીપીટ ટેલીકાસ્ટમાં જોઈ કાઢે. કામ વધતું ગયું તેમ બંને પોતપોતાના નિયત કરેલા કામમાં ગોઠવાતા ગયા. ધાર્યા કરતા વધુ વ્યસ્તતા અને સફળતા મળી. દરજીને ડીઝાઈન પ્રજ્ઞા સમજાવે અને તૈયાર થયેલું કામ સમયસર પરત આવે તે જોવાનું રહે કોકિલાબહેને. કામ વધતા બે છોકરીઓને પણ કામે રાખી.

નયન ક્યારેક બુટિક પર આવી ચડતો ત્યારે અચૂક મજાક કરતો, "મેડમ, મને પોકેટમની આપશો?"

પ્રજ્ઞા કહેતી, "બધાં જ રાખ ને. તારા જ તો છે. મારી જરૂરિયાત કરતાં તો ઘણું વધારે આવે છે."

નયન કહેતો, "કેવું છે નહીં? હું પણ જરૂરિયાત કરતા વધારે જ કમાઈ લઉં છું. પણ બોસને એમ તો કહેવાય નહીં કે કામના કલાક ઘટાડો, ઓછા પૈસા ચાલશે.."

કોકિલાબહેનની અંદર રાહ જોઈને બેઠેલા 'દાદીમા' અચૂક બોલે,

"કશું જ ઘટે તેમ નથી તો હવે કશુંક વધારીએ."

નયન જાણતો હોવા છતાં અજાણ બનીને પૂછતો,

"શું વધારીએ?"

કોકિલાબહેન તેનો કાન પકડીને કહેતા, "સમજે છે છતાં પૂછે છે? હવે મા-બાપ ક્યારે બનશો, લગ્નને

ત્રણ વર્ષ તો થયા...''

નયન અને પ્રજ્ઞાની જિંદગીમાં પાનખર તો હતી જ નહીં, અને એમાં પણ આ તો નવી વસંતને આવકારવાનો સમય હતો. શિયાળો આવતા કોકિલાબહેને હુકમથી બંનેને ફરવા જવા કહ્યું. નયન પાસે રજા લેવડાવી અને પ્રજ્ઞાનું બુટિકનું કામ પોતે સંભાળી લીધું. પ્રવીણભાઈ રીટાયર્ડ થઈ ચૂકયા હતા, તેમને પણ હિસાબની દેખરેખ માટે બેસાડી દીધા.

ઘરના ચાર સભ્યો ખૂબ જ શિસ્તબદ્ધ જીવવા ટેવાયેલા હતા. માત્ર કોકિલાબહેનનાં કહેવાથી નહીં, નયન અને પ્રજ્ઞાને પોતાને પણ ઇચ્છા હતી કે ઘરના ચારે ખૂણે જેના અવાજો પડઘાય તેવું કોઈ ઉમેરાય.

પ્રજ્ઞા અને નયન લગ્ન પછી ફરી વખત એકાંત માણવા જઈ રહ્યા હતા, ફરક માત્ર એટલો હતો કે ઉદ્દેશ બદલાયો હતો. પ્રજ્ઞા માટે જિંદગી સપનાથી પણ વિશેષ રહી હતી. તેની પાસે ઓડકાર આવી જાય એટલું સુખ અને ખોબામાં છલોછલ ભરેલી રહે એટલી ખુશી હતી.

તે ફરીને આવ્યા પછી પણ દસેક મહિના થઈ ગયા હતા, છતાં બાળક રહેવામાં કંઇક અડચણ આવી રહી હતી. પ્રજ્ઞાને ચિંતા થવા લાગી હતી. જ્યારે નયનને કંઈ ખાસ વિચારવા જેવું નહોતું લાગતું, તે માનતો હતો કે એક દંપતિ તરીકે કોઈ તપાસ કે સારવાર કરાવવી પડે તેવો તબક્કો નહોતો આવ્યો. માત્ર સ્વસ્થતાથી પ્રયત્નો ચાલુ રાખવાનો તે આગ્રહ રાખતો. પણ પ્રજ્ઞા માટે ક્યારેક ક્ષણભર આવી જતા ચક્કર, પેટના નીચેના ભાગમાં અકારણ થતો દુખાવો, ચિંતાનું કારણ હતા.

એક દિવસ સવારે અચાનક પીડારહિત રકતસ્ત્રાવ થતા પ્રજ્ઞાની ચિંતા વધી ગઈ, તે કોઈને પણ જણાવ્યા વગર ડૉ. નીપા મહેતા પાસે પહોંચી ગઈ.

ડૉ. નીપાએ પહેલા તો પ્રાથમિક સવાલો પૂછ્યા, પછી ફિઝિકલ એકઝામિનેશન અને સોનોગ્રાફી કર્યા. તેમની સ્ક્રીન પર ફરતી નજરમાં માત્ર એક ક્ષણ માટે જે ચોંકી જવાનો ભાવ આવ્યો, તે પ્રજ્ઞાથી છૂપાયેલો ના રહ્યો.

ચેકઅપ થયા પછી ફરીથી પ્રજ્ઞા તેમની સામે ગોઠવાઈ,

''શું થયું છે મેડમ?''

તેની વાતનો જવાબ આપવાને બદલે ડૉ. નીપાએ સામો પ્રશ્ન કર્યો,

''તું એકલી જ આવી છે?''

''એટલે કે કંઇક તો છે જ. હા, હું એકલી જ આવી છું. સવારે જે થયું તે પછી મને કંઇક અમંગળ થવાની બીક તો હતી જ.'' તેણે બે ક્ષણ આંખ બંધ કરી. પછી કહ્યું, ''જે હોય તે મને જ કહો, હું સાંભળવા તૈયાર છું.''

ડૉ. નીપાએ વાત શરૂ કરી, ''જો પ્રજ્ઞા સામાન્ય રીતે તારી ઉંમર કે રોગના લક્ષણો મને જે નિદાન લાગી રહ્યું છે, તેને સંપૂર્ણપણે નથી મળતા હોતા...''

''સીધું જ કહી દો ને મેડમ...'' ડૉ. નીપાને વચ્ચેથી જ રોકતા પ્રજ્ઞાએ કહ્યું.

''પ્રજ્ઞા તું તૈયાર છો, પણ હું તૈયાર નથી. મને એ યોગ્ય પણ નથી લાગતું.''

''તમે ચિંતા ના કરો. બહુ સરસ જીવી છું, મૃત્યુનો ડર ન રહે એવું. હા જિંદગીનો મોહ જરૂર છે, કારણ કે મને ઈશ્વરે ખૂબ જ સારો પરિવાર આપ્યો છે. પણ ધીરે ધીરે એ મોહ પણ છોડી દઈશ.'' ડૉ. નીપા તેની વાતો આભા બનીને સાંભળી રહ્યા હતા. તેમણે આવી વ્યકિત ક્યારેય જોઈ નહોતી જે સહજતાથી અને હિંમતથી મૃત્યુને સ્વીકારવા તૈયાર હોય. તે હજુ સુધી નિદાન જણાવી શકયા નહોતા.

પ્રજ્ઞાએ કહ્યું, ''મેડમ તમારી ભાષામાં નિદાન જે હોય તે, પણ તમારા ચહેરા પર સાફ વાંચી શકું છું કે બિમારી જાનલેવા છે.'' ડૉ. નીપાને પ્રજ્ઞાની વાતોથી આશ્ચર્ય થઈ રહ્યું હતું. પ્રજ્ઞાએ પોતાની વાત ચાલુ રાખી, ''છતાં પણ તમારે જે નિદાન લખવું હોય લખી કાઢો. કેન્સર હોય તો હું કોઈ સારવાર લેવા માંગતી નથી, અને બીજી કોઈ બીમારી હોય તો આડઅસરો વિષે જાણીને નિર્ણય કરીશ.''

ડૉ. નીપા ત્યાં સુધી તેને માત્ર સાંભળી રહ્યા હતા, પછી તેમણે પ્રજ્ઞાને કેન્સર હોવાનું નિદાન કહ્યું અને સારવાર કરવી જ જોઈએ તે પણ ભારપૂર્વક સમજાવ્યું. પ્રજ્ઞાએ તેમની સાથે વિગતવાર ચર્ચા કરી અને હોસ્પિટલથી નીકળ્યા પછી એકસામટું ખૂબ જ રડી લીધું. મનમાં કેટલાક નિર્ધાર કર્યા પછી તે ઘર તરફ પરત ફરી. તેને પોતાની સ્વસ્થતા કાયમ હતી ત્યાં સુધીમાં ઘણા કામ કરી લેવા હતા.

''મને લાગે છે કે હવે જયારે આપણે બૅન્કમાં જઈએ ત્યારે નોમિનેશન રજિસ્ટર કરાવી લેવું જોઈએ.'' પ્રજ્ઞાએ બીજા જ દિવસે નયનને કહ્યું...

***

અવલોકન

## 'રેખાચિત્ર'નું રેખાચિત્ર : ગુજરાતી રેખાચિત્રો ● ડૉ. અશોક ચાવડા

રેખાચિત્ર ચિત્રકળા સાથે સંકળાયેલ સંજ્ઞા ભલે હોય, પણ જ્યારે સાહિત્યનાં એક સ્વરૂપ તરીકે તેનાં વિશે વાત કરીએ તો ચરિત્ર સ્વરૂપના અનેક પ્રકારો યાદ કરવા પડે. રેખાચિત્ર આમ તો સંક્ષિપ્ત જીવનચરિત્ર જ છે, જે ડાયરીલેખન, પત્રલેખન, સ્મરણાંજલિ, સ્મૃતિલેખ, રેખાચિત્ર, અભિનંદનગ્રંથ કે ચરિત્રનિબંધ એમ અનેકાનેક પ્રકારે લખાતું રહે છે. રેખાચિત્રનું સ્વરૂપ અન્ય ગદ્ય સાહિત્યપ્રકારોની તુલનામાં ભલે ઓછું ખેડાયું હોય પણ રોજબરોજ આપણી આસપાસ અનેક રેખાચિત્રો વાતવાતે ખડકાતાં રહે છે, પરંતુ શબ્દદેહે સાકાર થનારા બહુ ઓછાં હોય છે. કસીદા, પ્રશસ્તિકાવ્ય કે વિશિષ્ટ નઝમ જે સામાન્ય રીતે વ્યક્તિને કેન્દ્રમાં રાખીને લખવામાં આવતી હોય છે તેને પણ એક રીતે તો પદ્યાત્મક રેખાચિત્ર કહી શકાય!

રેખાચિત્ર જેવાં ઓછાં ખેડાયેલાં સ્વરૂપ વિશે વધારે જાણકારી મળે તેવું એક સંપાદન ડૉ. પન્ના ત્રિવેદી પાસેથી મળ્યું છે. સંપાદિકાએ 'ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રની ગતિવિધિ' વિષય પર શોધનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી મેળવી છે તો વાર્તાકાર-કવયિત્રી-અનુવાદક તરીકે પણ તેઓ સક્રિય છે. તેમની આ સાહિત્યિક સૂઝનો અણસાર પ્રસ્તુત સંપાદન 'ગુજરાતી રેખાચિત્રો'માંથી મળે છે. ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રના પ્રારંભ વિશે સંપાદિકાએ અભ્યાસપૂર્ણ સંપાદકીય લેખમાં વિગતે વાત કરી જ છે. સંપાદિકા રેખાચિત્રને 'સ્કેચ' સાથે યોગ્ય રીતે જોડે છે.

સંપાદનમાં નર્મદ, લીલાવતી મુનશી, નરસિંહરાવ દીવેટિયા, ન્હાનાલાલ, સ્વામી આનંદ, કિશનસિંહ ચાવડા, ઝવેરચંદ મેઘાણી, જયંતિ દલાલ, ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર, રમણીક અરાલવાળા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, જૉસેફ મૅકવાન, ચંદ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રફુલ્લ રાવલ, મનસુખ સલ્લા, વિજય શાસ્ત્રી અને વિનોદ ભટ્ટ જેવાં ૨૨ સર્જકોએ નિરૂપેલાં ૩૯ રેખાચિત્રો સમાવિષ્ટ છે. આમ, સંપાદિકાએ જ્યારથી ગદ્યનો આરંભ થયો છે તેવા નર્મદથી શરૂ કરીને અત્યાર સુધીના વિવિધ સાહિત્યિક યુગ સંદર્ભે રેખાચિત્રનાં સ્વરૂપ-સંજ્ઞા-શૈલી સમયે સમયે કેવી રીતે બદલાતાં રહ્યાં છે તેનો વિકાસ-આલેખ આપ્યો છે.

અહીં એક તરફ દયારામ, નરસિંહરાવ ભોળાનાથ, સ્વ. નારાયણ હેમચંદ્ર, મડિયા, મેઘાણી, જયંતિ દલાલ, મનુભાઈ પંચોળી, લાભશંકર ઠાકર, ઉમાશંકર જોશી જેવા સાહિત્યકારોના રેખાચિત્રો છે તો બીજી તરફ મહારાજ સયાજીરાવ ગાયકવાડ જેવા રાજવીનું રેખાંકન સાંપડ્યું છે અને સાથેસાથે આપણી આસપાસ જોવા મળતા સર્વસામાન્ય એવા સામાજિક પાત્રોનાં રેખાંકનો પણ સ્થાન પામ્યાં છે. જેમકે, દૂધવાળો, શિક્ષક, સાસુ, ટપાલી, ફોઈ, બેન્ડવાળા, ગોળાવાળો, કલીવાળા, જીવા અમથા ઇત્યાદિ. વધુમાં, જવલ્લે જ જોવા મળતાં પ્રાણીચિત્રોમાં મોખરાનું સ્થાન પામેલ 'મોરુ' નામે ઘોડાનું રેખાંકન છે તો 'શહેરની શેરી' શીર્ષક હેઠળ એક નિર્જીવ શેરીને જીવંત કરી આપતું સજીવ રેખાંકન પણ છે. આ રીતે રેખાચિત્રો પ્રત્યેની તેમની રુચિ સ્પષ્ટ ઉજાગર થાય છે. કોણે લખ્યું છે? કોના વિશે લખ્યું છે? તેની પળોજળમાં પડ્યા વિના કેવું લખાયું છે? તેની સતત તકેદારી રાખી સંપાદિકાએ અહીં આપણને 'રેખાચિત્રનું રેખાચિત્ર' મળી રહે તેવી બખૂબીથી સજીવ-નિર્જીવ, પ્રાણી-સ્થળ માત્રનાં રેખાચિત્રો ૨૪૨ પાનાંમાં મૂકી આપ્યાં છે. આ સંપાદનની બીજી વિશેષતા એ છે કે જે-તે લેખકે લખેલા રેખાચિત્રો તો છે જ, પણ નોંધપાત્ર બાબત એ છે તે લેખક વિશે અન્ય લેખકે લખેલું રેખાચિત્ર પણ છે. જેમકે, અહીં ઝવેરચંદ મેઘાણીએ લખેલું રેખાચિત્ર છે, તો ઉમાશંકર જોશી લિખિત મેઘાણીનું રેખાચિત્ર પણ છે જ અને સ્વયં ઉમાશંકર જોશીનું વિનોદ ભટ્ટે લખેલું રેખાચિત્ર પણ છે. અલબત્ત, આ સંપાદનમાં આવા એક-બે જ સુખદ અપવાદ છે.

એવું કહેવાય છે કે રેખાચિત્ર કાલ્પનિક ના હોય, પણ અહીં નિરૂપાયેલાં કેટલાક રેખાચિત્રો એ વાતનો છેદ ઉડાડી દે છે. વાસ્તવમાં રેખાચિત્ર વ્યક્તિગત, વસ્તુગત, કટાક્ષિકા, ઐતિહાસિક, વાસ્તવિક કે કાલ્પનિક પણ હોઈ શકે છે તેનાં દૃષ્ટાંતો આ પુસ્તકમાંથી મળી રહે છે. સવાલ માત્ર લેખનશૈલીનો છે. કલ્પનમાં પણ વાસ્તવનો ઢોળ ચઢાવીને કે ડોળ રાખીને લખાતાં રેખાચિત્રો પણ આસ્વાદ્ય બની જ શકે અને બન્યાં પણ છે. રેખાચિત્રમાં એવાં વર્ણનનો

જ મહિમા છે જેનાથી વાચક સામે જે તે ઘટનાનું તાદશ્ય ચિત્ર ઊભું થઈ શકે. અપરિચિત વ્યક્તિનું રેખાચિત્ર પણ તેની સાથે રૂબરૂ મળ્યા હોય તેવો પરિચય કરાવી શકે તો જ તે સાર્થક થયું ગણાય. આમ, આ સ્વરૂપમાં બોલતું કથાનક આવકાર્ય છે પછી ભલે તે વ્યક્તિવિશેષ, પ્રાણીવિશેષ કે કોઈ અમૂર્ત વસ્તુ-ઘટનાવિશેષ હોય.

સમાવિષ્ટ રેખાચિત્રોનો અભ્યાસ કરતી વખતે ઉપર્યુક્ત અનેક બાબતો ઉજાગર થતી જોવા મળે છે. 'દયારામ' રેખાચિત્રાંશમાં નર્મદે દયારામના સમગ્રતયા વ્યક્તિત્વની ઝાંખી તેના સારાં-નરસાં પાસાંઓને ક્યાંક સરળતાથી, ક્યાંક કટાક્ષથી બખૂબી રજૂ કરી છે. અલબત્ત, નર્મદે સભાનતાથી રેખાચિત્રો નથી લખ્યાં પણ સ્મૃતચિત્રો લખ્યાં છે. તેમની શૈલી તેમના સ્મૃતિચિત્રોને રેખાચિત્રો તરફ લઈ જાય છે. લીલાવતી મુનશીએ નરસિંહરાવ દિવેટિયાની સરખામણી 'દુર્વાસા' સાથે કરીને ચરિત્રને અલગ ઉપાડ ને ઉઘાડ આપ્યો છે. જોકે એ વાત નોંધવી રહી કે નરસિંહરાવ દિવેટિયાની સાથેસાથે અહીં લેખિકા સુશીલાબેન, લવંગિકા, પ્રેમલની વાતોમાં પણ વિસ્તરી ગયાં છે. રેખાચિત્રમાં વિષય ઉપરાંત ઘણી વાર માત્ર ભાવુકતાથી થયેલું સ્વજનોનું આલેખન કેવળ સાંવેદનિક ભરતી બનીને રહી જાય છે. આવું જ ન્હાનાલાલ લિખિત મહારાજ સયાજીરાવ ગાયકવાડના રેખાચિત્રમાં પણ જોવા મળે છે. અહીં અતિશયોક્તિયુક્ત દીર્ઘ શબ્દચંપીનો વિસ્તાર ન્હાનાલાલની શૈલીમાં ખટકે છે.

રેખાચિત્ર એટલે માત્ર ગુણોનો સરવાળો નહીં, પરંતુ અવગુણ અનેવ્યક્તિના વિચિત્ર પાસાંઓનું પણ નિરૂપણ. આ વાતની સાહિત્યિક સ્પષ્ટતા પણ પ્રસ્તુત સંપાદનમાંથી મળી રહે છે. સંપાદિકાએ સ્વામી આનંદના પ્રખ્યાત 'મોનજી રુદર'ને બદલે 'દાદો ગવળી', 'ધનીમા', 'નઘરોળ' અને 'મોરુ' જેવાં રેખાચિત્રો સમાવ્યાં છે, જે સશક્ત છે અને સંજ્ઞાને વિસ્તાર આપે છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના બહુ ચર્ચિત 'બાબુ વીજળી'ને સ્થાને અહીં એક જ વ્યક્તિમાં રહેલા જમા-ઉધાર બે પાસાંને નિરૂપતું 'ચકલો ભગત' અને 'મૂળીમા' સમાવાયું છે. રેખાચિત્રનું સ્વરૂપ ક્રમશઃ વિકસતા જતા તેમાં 'શ્રદ્ધાંજલિ' પણ ઉમેરાઈ. જોકે શ્રદ્ધાંજલિરૂપે લખાયેલું રેખાચિત્ર કલાત્મકતાનો કસબ ના હોય તો માત્ર લેખ જ બની જવાનો ભય રહે છે. ઉમાશંકર જોશીએ 'હૃદયમાં પડેલી છબીઓ' અંતર્ગત લખેલાં રેખાચિત્રો શ્રદ્ધાંજલિરૂપે લખાયાં હોવા છતાં ઉત્તમ રેખાચિત્રો બની રહ્યાં છે, જેમાંનું એક 'મેઘાણી' અહીં સમાવાયું છે. એ જ રીતે વિજય શાસ્ત્રીનું 'પિતાજી' વિશેનું રેખાચિત્ર પણ સ-રસ થયું છે. કિશનસિંહ ચાવડા લિખિત વ્યંઢળની વિડંબનાનું વૃતાંત આપતું ઉસ્માનનું રેખાચિત્ર ખરેખર 'અફલાતૂન' થયું છે, તો મેઘાણીની કલમપ્રસાદી પણ આસ્વાદ્ય છે. જ્યારે એક સર્જક બીજા સર્જકનું રેખાંકન લખે ત્યારે રઘુવીર ચૌધરી લિખિત 'સહરાની ભવ્યતા'માંથી લેવાયેલ 'જયંતિ દલાલ' અને 'દર્શક'નું રેખાચિત્ર ધ્યાન ખેંચે છે. સર્જક સંદર્ભે વિનોદ ભટ્ટના 'લાભશંકર ઠાકર' અને 'ઉમાશંકર જોશી'નાં રેખાચિત્રો વ્યંગ-કટાક્ષ સાથે વિસ્તરે છે. આમ, સર્જક સર્જકના રેખાંકનો મૂકે છે ત્યારે શૈલીભેદ નથી, પરંતુ સર્જક કઈ રીતે પોતાની વાત મૂકે છે તે જ મહત્ત્વનું બની રહે છે. કારણ કે અંતે તો રેખાચિત્રનો પ્રાણ તેની નિરૂપણશૈલી જ છે. ચંદ્રકાન્ત શેઠે નિરૂપેલું 'બચુમિયાં બેન્ડવાળા' તેમજ 'વિનુભાઈ વિલાયતી' અનોખી શૈલીનું દૃષ્ટાંત છે તો જૉસેફ મૅકવાનનું 'શામળી' અને રમેશ ર. દવેનું 'તેજુભાભી' પણ બળૂકાં રેખાચિત્રો છે. મણિલાલ પટેલનું 'ધનો', ભગીરથ બ્રહ્મભટ્ટનું 'લાલભાઈ', પ્રફુલ્લ રાવલનું 'કાલુ ગોળાવાળો' અને મનસુખ સલ્લાનું 'અલીભાઈ કલીવાળા' સામાન્ય લોકોની અસામાન્ય વાતોનો આસ્વાદ્ય મનો-વિસ્તાર છે.

સંપાદિકાએ પરિશિષ્ટ રૂપે જે-તે ચરિત્રકારની સંક્ષિપ્ત વિગતો-ગ્રંથયાદી પણ આપી હોત તો આવા અનેક રેખાચિત્રોમાં મહાલવાની એક હાથવગી માર્ગદર્શિકા મળી શકત. જોકે સ્ત્રી-પુરુષ-વ્યંઢળ-પ્રાણી-સ્થળ એમ તમામ પ્રકારનાં વિવિધ રેખાચિત્રો આપણને આ એક જ સંપાદનમાંથી મળી રહે છે તેનો મહિમા પણ ઓછો નથી. આજે સ્વરૂપો વિશેની પૂર્ણ જાણકારી કે વાંચન વિના ઉતાવળે સાહિત્યકાર બનવાની દોટમાં રમમાણ રહેતા લોકો માટે આ સંપાદન 'રેખાચિત્ર' લખવા માટે એક પ્રેરણારૂપ બની શકે તેમ છે, તો સમય સાથે 'રેખાચિત્ર'નું સ્વરૂપ કેવી રીતે વિસ્તરતું-વિકસતું રહ્યું તે વિશેની અભ્યાસપૂર્ણ સામગ્રી આપતું પણ બની રહે તેવું આદર્શ બન્યું છે.

**(ગુજરાતી રેખાચિત્રો : સં. ડૉ. પન્ના ત્રિવેદી, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, પ્ર.આ. ૨૦૧૨, ડિમાઈ સાઈઝ, પૃષ્ઠ-૨૫૪, કિંમત રૂા. ૩૩૫/-)**